ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. ૨૯-૧૦-૨૦૨૨**

# ભારતીય જનતા પક્ષના કચ્છ જીલ્લાના આગેવાનો કોંગ્રેસની વિચારધારા સાથે જોડાયા

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ રાજીવ ગાંધી ભવન ખાતે આયોજીત કાર્યક્રમમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોર, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખશ્રી સિધ્ધાર્થભાઈ પટેલ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખશ્રી બિમલ શાહ, કચ્છ જીલ્લા કોંગ્રેસના પ્રમુખશ્રી યજુવેન્દ્રસિંહ જાડેજા તથા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કોર્ડીનેટરશ્રી હેમાંગ રાવલ અને મીડીયા પેનાલીસ્ટશ્રી હિરેન બેંકર, ડૉ. અમિત નાયકની ઉપસ્થિતીમાં ભારતીય જનતા પક્ષના કચ્છ જીલ્લાના આગેવાનશ્રી શ્રી રાજેન્દ્રસિંહ અજીતસિંહ જાડેજા (ઉપપ્રમુખ, માંડવી તાલુકા પંચાયત, કચ્છ) (પૂર્વ ચેરમેન, બાંધકામ સમિતિ, કચ્છ), શ્રી પ્રવિણભાઈ અરજણભાઈ વેલાણી (એ.પી.એમ.સી. ચેરમેન, માંડવી - કચ્છ), શ્રી શિવજીભાઈ ભાણજીભાઈ સંધાર (વાઈસ ચેરમેન - એ.પી.એમ.સી. માંડવી - કચ્છ) (પૂર્વ ચેરમેન, એ.પી.એમ.સી. માંડવી -કચ્છ) (પૂર્વ સભ્ય, તાલુકા પંચાયત માંડવી) (પૂર્વ પ્રમુખ, ક્ષત્રિય સંધાર સમાજ) તથા તેમના સાથે જોડાયેલ સામાજીક – રાજકીય આગેવાનોને કોંગ્રેસનો તિરંગો ખેસ પહેરાવી પ્રદેશ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોરે કોંગ્રેસ પક્ષની વિચારધારા સાથે વિધીવત રીતે આવકારતા જણાવ્યું હતું કે, ભાજપના પાયાના કાર્યકર અને દિગ્ગજ આગેવાનોને અમે કોંગ્રેસ પક્ષમાં આવકારીએ છીએ અને આજ રીતે ભૂતકાળમાં જીલ્લા પંચાયતના પ્રમુખ, પૂર્વ ધારાસભ્યશ્રીઓ અને ભાજપના દિગ્ગજ નેતાઓ પણ જ્યારે ભાજપ છોડીને કોંગ્રેસમાં જોડાઈ રહ્યાં છે ત્યારે ખરા અર્થમાં ગુજરાતમાં પણ "ભારત જોડો" અભિયાનને વ્યાપક સમર્થન મળી રહ્યું છે.

કચ્છ જીલ્લાના આગેવાનશ્રી શ્રી રાજેન્દ્રસિંહ અજીતસિંહ જાડેજા જણાવ્યું હતું કે, હું અને મારા સાથીઓ જનસંઘના સમયથી ભાજપના કાર્યરત છે પરંતુ હાલમાં ભાજપના પાયાના કાર્યકર્તાઓની સતત અવગણના થઈ રહી છે તથા ગુજરાતના ખેડૂતોને પણ ખુબ જ અન્યાય થઈ રહ્યો છે. ગુજરાતના ગરીબ અને મધ્યમવર્ગને ન્યાય માત્ર કોંગ્રેસ જ આપી શકે એમ છે. માટે અમો સાથે આજે કોંગ્રેસ પક્ષમાં જોડાઈ રહ્યાં છીએ અને સંપૂર્ણ પ્રતિબધ્ધતાથી કોંગ્રેસ પક્ષમાં સંગઠનને મજબુત કરીને આગામી ચૂંટણીમાં વિજય બનાવીશું.

હેમાંગ રાવલ
મીડીયા કોર્ડીનેટર